અતિસુખમાણસનેપાગલઅનેપાપીબનાવીદેછે:આ.પદ્મદર્શનસૂરિજી

ભીવંડીના સૂપાર્શ્વનાથ જૈન સંઘના આરાધના ભવનમાં આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે પ્રવચનધારા વહાવી

સુરત, તા. 17

નવી ચાલ સ્થિત સુપાર્શ્વનાથ જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે પ્રવચનધારા વહાવતા કહ્યું હતું કે, સુખનો તીવ્ર રાગ અને દુઃખનો તીવ્ર દ્વેષ એજ સંસારનું મૂળ છે. સંસારનું ચાલકબળ રાગ અને દ્વેષ છે. સુખ એ કોઇ ખરાબ ચીજ નથી. કોઇપણ માણસ સુખ વિના જીવી ન શકે. સુખની માત્રા નક્કી કરવી પડે. બાળકને દવાનો જે ડોઝ ડોક્ટર આપતો હોય તેજ ડોઝ મોટાઓને નથી આપતો. એમાં વધારો કરવો પડે. જીવનનાં ક્ષેત્રે સુખ અને દુઃખની માત્રા નક્કી કરવી જોઇએ. અત્યારે જે પણ સંઘર્ષો અને સંકલેશો સંસારમાં ચાલી રહ્યા છે તેમા મૂળમાં અતિ સુખ અને અતિ દુઃખ છે. અતિ સુખ માણસને પાગલ અને પાપી બનાવી દે છે. સુખમાં લંપટ બનેલાઓ ક્યું પાપ નથી કરતા તે સવાલ છે. અતિ સુખીઓને કોઇ કહી શક્યું નથી. તેઓ મન ફાવે તેમ કરતા હોય છે. તેઓના માથે કોઇ નથી. એમને જ્યાં જવું હોય, જે કરવું હોય તે બિન્દાસ કરતા હોય છે. અતિ સુખીઓ એમ જ માનતા હોય છે કે અમે ભલભલાને ખિસામાં રાખીને ફરીએ છીએ.

અતિ દુઃખીઓ પોતાના દુઃખોથી એકદમ ત્રસ્ત અને વ્યસ્ત હોય છે. પોતાના જીવનમાં દુઃખોના વાવાઝોડા એટલા કાતીલ હોય છે કે જેનાં કારણે એ સતત મુંઝવણમાંથી બહાર આવી શકતો નથી. એક દુઃખ જ્યાં પુરું થાય ત્યાં તો પરિવારને સાચવાની પણ જવાબદારી એના માથે હોય છે. આર્થિક રીતે પાયમાલ થયેલો તે શું કરવું ? અને શું ન કરવું ? એની દ્વિધામાં દિવસો પસાર કરી રહ્યો છે. ઘરનું માંડ પૂરું થતું હોય એવી વિકટ પરિસ્થિતિમાં ધર્મ કરવાનો કેવી રીતે સૂઝે ? અતિસુખી અને અતિદુઃખી વ્યક્તિ ધર્મ કરી શકતો નથી. મધ્યમ કક્ષાનાં સુખ કે દુઃખ હોય તે જ વ્યક્તિ ધર્મ કરી શકે છે. પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સુખનું પ્રમાણ નક્કી કરવું જોઇએ. જેના પાસે ખૂબ સંપત્તિ છે તે આ દુનિયાનો સૌથી દુઃખી માણસ છે. મળેલી સંપત્તિની સુરક્ષા અને ઇન્વેસ્ટમેન્ટ ક્યાં કરવું ? તેની ચિંતા શ્રીમંતોના જીવનમાં સૌથી વધુ હોય છે. દુઃખીઓ સુખ મેળવવા માટે રડે છે અને સુખીઓ વધુ સુખી થવા માટે અને આવેલું સુખ ચાલ્યું ન જાય એ માટે રડતા હોય છે.

એના લમણે બીજું દુઃખ આવીને હાજર થાય છે. આજે કેટલાય એવા ગરીબો છે કે જેઓ પોતાના પેટના ખાડાને પુરવા માટે અસમર્થ છે. બેકારી પણ એટલી છે કે ક્યાંક તે નોકરી માટે એપ્લાય કરે છે પણ કોઇ રિસ્પોન્સ મળતો નથી. ઘરમાં

BNI સુરત ચેપ્ટરનું આજથી સરસાણામાં દ્વિદિવસીયબિઝનેસકોન્કલેવનુંઆયોજન

સુરત, તા.17

બીએનઆઈ (BNI) સુરત ચેપ્ટર દ્વારા 18 અને 19 જુલાઈએ સરસાણા ડોમ ખાતે 10મું બિઝનેસ કોન્કલેવ યોજાશે. બે દિવસીય આ કાર્યક્રમમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને બિઝનેસ પ્રોફેશનલ્સ ભાગ લેશે.

બીએનઆઈ સુરતના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ગૌરવ સિંઘવીએ જણાવ્યું હતું કે, કોન્ક્લેવના 10મા વર્ષની ઉજવણી નિમિત્તે દેશના 55થી વધુ શહેરોના પ્રતિનિધિઓ જોડાય તેવી શક્યતા છે. બીએનઆઈ સુરતના 2,000થી વધુ સભ્યો ઉપરાંત શહેરના અંદાજે 3,000થી 4,000 વેપારીઓ અને મુલાકાતીઓ હાજર રહેશે. બીએનઆઈ 86 દેશોમાં કાર્યરત હોવાથી બે દેશોના પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં ભાગ લેશે.

કોન્ક્લેવમાં રિટેલ, B2B, B2C, બિલ્ડર્સ અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ માટે 100થી વધુ બિઝનેસ સ્ટોલ ઉભા કરવામાં આવશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ વેપારીઓ વચ્ચે નવા વ્યાવસાયિક સંબંધો ઉભા કરવા અને સહયોગ દ્વારા નવી તકો ઊભી કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન પૂર્વ ભારતીય રાજદૂત દિપક વોરા, જાણીતા લેખક અને વિચારક જય વસાવડા તેમજ એસપી જૈન સંસ્થાનના પ્રોફેસર સમીર દલાલ વેપાર, જીવનમૂલ્યો અને આધુનિક બિઝનેસ અંગે માર્ગદર્શન આપશે.

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૦/૦૭/૨૦૨૬, સોમવાર : ઘનશ્યામ પાર્ક (અમરોલી), રત્નમાળા (અમરોલી રોડ)
- ૨૧/૦૭/૨૦૨૬, મંગળવાર: લક્ષ્મી વિષ્ણુ (અમરોલી રોડ), અલ્પેશ (ન્યૂ કે.જી. જી.આઈ.ડી.સી.), રામજી કૃપા (કતારગામ)
- ૨૨/૦૭/૨૦૨૬, બુધવાર : ગોકુલ પાર્ક (કતારગામ), મિલેનિયમ માર્કેટ નં.૪ (રિંગ રોડ), ચામુંડાનગર (લક્ષ્મીકાંત)
- ૨૩/૦૭/૨૦૨૬, ગુરુવાર : આદર્શ સોસાયટી (કતારગામ), નિર્માણ ઈન્ડસ્ટ્રીયલ નં.૨ (હુલપાડા), સંડે હબ (કતારગામ)
- ૨૪/૦૭/૨૦૨૬, શુક્રવાર : ભાગીરથ નં.૧ (કારંજ), જય નારાયણ ઈન્ડસ્ટ્રીયલ નં.૨ (આંજણા)

અસુવિધા બદલ દિલગીર છીએ

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને હાલની આ જાહેર નોટીસથી જણાવવાનુ કે,નવસારી જીલ્લાના નવસારી શહેરના રેવન્યુ સર્વે નં. 336+336 પૈકી+336/2+336/3 હિસ્સા નં.1 સીટી સર્વે ટીકા નં. 37 સીટી સર્વે નં. 1699 વાળી જમીન ઉપર પાડવામાં આવેલ સરદાર પટેલ ટાઉનશીપ વાળા પ્લોટો પૈકી પ્લોટ નં. 148 જે હિસ્સા નં. 1699/148 વાળી જમીન તથા તે ઉપર આવેલ બાંધકામવાળી મિલકત જે નવસારી મહાનગરપાલિકા રેકર્ડ દફતરે વોર્ડ નં. 2 ટેનામેન્ટ નં. 10027864/0 થી નોંધાયેલ મિલકત વેચાણ કરવા હાલના માલિક સતીષ સુરેશભાઈ ભીડે એ ભાવિન હસમુખભાઈ ગોહિલ, ગૌરવ હસમુખભાઈ ગોહિલ સાથે તા. 25/06/2026 ના રોજ નોટરી રૂબરૂ સાટાખત કરેલાનુ હમોને જણાવેલ છે. સદર મિલકત હાલના માલિક સતીષ સુરેશભાઈ ભીડે અગાઉના માલિક શૈલેષભાઈ રાઘવભાઈ જસાણી પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.2204 તા.25/03/2014 ના રોજ ખરીદ કરી માલિક મુખત્યાર થયેલા હોવાનુ હમોને જણાવેલ છે. સદરહુ શૈલેષભાઈ રાઘવભાઈ જસાણી સદર મિલકત અગાઉના માલિક અમરદીપ એસોસીએશન પાસે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.5830 તા.25/11/2011 થી ખરીદ કરી માલિક મુખત્યાર થયેલા હોવાનુ હમોને જણાવેલ છે. ઉપરોક્ત દસ્તાવેજ નં.5830 તા.25/11/2011 ખોવાઈ ગયેલાનુ અને શોધતા મળી ન આવતા હોવાનુ પણ જણાવેલ છે. ઉપરોક્ત ભાવિન હસમુખભાઈ ગોહિલ, ગૌરવ હસમુખભાઈ ગોહિલ બેંકમાંથી લોન લેનાર છે. સદર દસ્તાવેજોને આધારે કોઈ મોર્ગેજ વ્યવહાર કરવામાં આવેલ ન હોવાનુ ઉપરોક્ત માલિકોએ હમોને જણાવ્યુ છે. વધુમાં ઉપરોક્ત અન્ય કોઈ સંસ્થામાં, બેંકમાં, કે અન્ય કોઈ પણ જગ્યાએ મોર્ગેજમાં આપેલ ન હોવાનુ હમોને જણાવેલ છે. ઉપરોક્ત મિલકત અંગે હમારે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનુ હોય, જેથી તે અગાઉ હાલની આ જાહેર નોટિસ આપી છે. જેથી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

ઉપરોક્ત મિલકતો અંગે ઉપરોક્ત માલિકો સિવાય અન્ય કોઈપણ ઈસમનો માલિકી હકક, કબ્જા હકક કે કોઈપણ પ્રકારનો હકક, હિત કે સંબંધ હોય કે સદરહુ મિલકત કોઈપણ સંસ્થામાં કે સરકારી કે સહકારી બેંકમાં કે રાષ્ટ્રીયકૃત બેંકમાં કે ખાનગી બેંકમાં કે અન્ય નાણાકીય સંસ્થાઓમાં મોર્ગેજમાં હોય કે ચાર્જ કે બોજામાં હોય તો તેની હમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7 (સાત) માં લેખિત આધાર પુરાવા સહિત જાણ કરવી. જો ઉપર પ્રમાણેની મુદતમાં કોઈપણ ઈસમના તર તકરાર કે વાંધા આવશે નહી તો સદર મુદત વિત્યા બાદ સદરહુ મિલકતનુ ટાઈટલ ક્લીયર હોવાનુ ગણવામાં આવશે. અને તે સંજોગોમાં ઉપરોક્ત મિલકત અંગે ભવિષ્યમાં કોઈ પણ ઈસમ ધ્વારા કોઈ પણ પ્રકારની પાછળથી તકરાર ઉપસ્થિત કરવામાં આવશે તો તે તકરાર કે તકરારો કાયદેસર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવા જાહેર જનતાને આથી સુચના આપવામાં આવે છે.

અસીલની સુચનાથી
અર્ણવ પરેશ દેસાઈ (એડવોકેટ)

તા. ૧૭-૦૭-૨૦૨૬

ઓ. ૧૭, પહેલો માળ, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, સબજેલની સામે, જુનાથાણા-લુન્સીકુઈ રોડ, નવસારી.

જાહેર નોટીસ /ચેતવણી

આથી તમામ સર્વ લોકોને જાણ કરવામાં આવે છે કે,અમો **જૈનુદિન કૌકાવાલા,** જાહેર કરીએ છીએ કે મારી પુત્રી **ફાતેમા જૈનુદિન કૌકાવાલા,** ઉંમર- ૨૯, રહે. પ્લોટ નં.૧૨-૧૩, દાગીના નગર-૨, ઉધના ગામ, ઉધના, સુરત, પોતાની મરજીથી તેની **પુત્રી ખદીજા** ને સાથે લઇને ગત **(૧૫/૦૭/૨૦૨૬)** ના રોજ ઘર છોડીને જતી રહેલ છે મારી પુત્રી અમારા કહ્યામાં નથી .તેણે અમારી મરજી કે કોઇપણ જાતની સંમતિ વગર ઘર છોડી જતી રહેલ છે. આજથી તેનો અમારા પરિવાર તથા મિલકત સાથે કોઈ પણ સંબંધ રહયો નથી.તેથી ભવિષ્યમાં તેની સાથે કોઈ પણ આર્થિક, કાયદાકીય કે સામાજિક વ્યવહાર કરવો નહી અને તેમ છતાં જે કરશે એની જવાબદારી જે તે વ્યકતિની પોતાની અંગત જવાબદારી રહેશે તે માટે અમારો પરિવાર કે વારસદારો કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં. તેની તમામ જવાબદારી તેની પોતાની રહેશે.

મારી સુચનાથી,
જૈનુદીન કૌકાવાલા
જૈનુદીન કૌકાવાલા

શ્રવણ. આર. ચૌહાણ (એડવોકેટ)
ઓફિસ: ૫૦, દશરથ નગર ગેટ, આદર્શ હિન્દી સ્કૂલ પાસે, શ્રીજી દશરથ નગર, એલ.એચ.રોડ,સુરત-૩૯૫૦૦૬. મો. ૯૭૨૫૬ ૮૫૧૬૮

ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ સુરત, તાલુકે માંગરોળનાં મોજે ગામ પીપોદરાના રે.સર્વે નં. ૧૩૭ જેનો બ્લોક નં. ૧૪૧ (પ્રમોલગેશન બાદ નવો બ્લોક/સર્વે નં.૧૪૨) થી નોંધાયેલ બીન ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૧૯૫૦૨ ચો.મી. છે. તે જમીનમાં ઔદ્યોગીક હેતુ માટેની આયોજીત **"નીજાનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ"** ના નામથી ઓળખાતી યોજનામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૫૫, ૫૬** વાળી મીલકત **હસમુખભાઈ સાવલીયાના કબજા** ભોગવટા અને માલીકીપણામાં ચાલતી હોવાનુ જણાવી સદરહુ મીલકતનો ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ હમો કનેથી માંગણી કરેલ છે અને તેઓએ સદરહું મીલકત હમારા અસીલ બેંકમાં મોર્ગેજમાં મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નકકી કરેલ. પરંતુ સદરહું મીલકતનાં અસલ દસ્તાવેજો પૈકી તેમના કબજા ભોગવટામાંથી **રજી. દસ્તાવેજ નં: ૧૮૨૯, તાઃ ૨૨/૦૭/૧૯૯૧ના રોજ રજીસ્ટર્ડ થયેલ અસલ વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન પહોચ તથા રજી. દસ્તાવેજ નં: ૧૩૮૪, તાઃ ૨૭/૦૫/૧૯૯૧ના રોજ રજીસ્ટર્ડ થયેલ અસલ વેચાણ દસ્તાવેજ, અસલ રજીસ્ટ્રેશન પહોચ** તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. જેથી સદરહુ મીલકત બાબતે કોઈપણ પ્રકારનો વાંધા, તર-તકરાર હોય યા કોઇના લાગભાગ, હકક હિસ્સો હિત સબંધ હોય અગર કોઇ વ્યકિત યા નાણાંકીય સંસ્થાનો બોજો-લેણું હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં હમોને લેખીત પુરાવા સહિત જાણ કરવી, જો જણાવેલ મુદત વિત્યેથી કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો હમો સદરહુ મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને હમારા અસીલ બેંક સદરહુ મીલકત મોર્ગેજ/ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહું મીલકત ઉપર હમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી લાગતા વળગતા તમામે નોધ લેવી.

સ્થળ: સુરત, તા.૧૮/૦૭/૨૦૨૬

એડ્રેસ: ૨૨૩, રાજહંસ પોઈન્ટ, જુની ગીતાંજલી, વરાછા રોડ, સુરત. મો. નં. ૯૯૭૪૨-૯૮૬૪૫

બ્રિજેશ આર. ભાયાણી
તે બેંકના એડવોકેટ તરીકે

સોલેક્સ એનર્જી લિમિટેડ

SOLEX ENERGY
CIN : L40106GJ2014PLC081036

રજીસ્ટર્ડ ઓફિસ : ૮ મો માળ, ૮૦૧-૮૧૨, રિયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલની સામે, સુરત-૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : +૯૧ ૨૬૧ ૩૫૫ ૯૯૯૯
ઈ-મેલ : info@solex.in વેબસાઈટ : www.solex.in

નોટિસ
(કંપનીના ઇકિવટી શેરહોલ્ડર્સના ધ્યાનાર્થે)
વિષય: કંપનીના ઇકિવટી શેરોનું ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPF) ઓથોરિટી ખાતે ટ્રાન્સફર કરવાનાં બાબતે

આ નોટિસ કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૨૪(૬) તથા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ તથા તેમાં થયેલ સુધારાઓની જોગવાઈઓ મુજબ પ્રસિદ્ધ કરવામાં આવે છે. સોલેક્સ એનર્જી લિમિટેડ (''કંપની'') દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં જાહેર કરાયેલ ડિવિડેન્ડ, જો તે સાત અનુક્રમિત વર્ષો સુધી ક્લેમ ન કરવામાં આવેલ હોય, તો તે સપ્ટેમ્બર ૨૦૨૬માં IEPF ઓથોરિટી પાસે ટ્રાન્સફર કરવાનું બાકી છે અને તે સંબંધિત ઇકિવટી શેરો પણ અનુરૂપ રીતે ટ્રાન્સફર કરવામાં આવશે.

આ સંદર્ભે કૃપા કરીને નીચેના મુદ્દાઓનો ધ્યાન રાખવો:

(અ) જો તમે શેરો ફિઝિકલ ફોર્મમાં ધરાવતા હોવ:
ડુપ્લિકેટ શેર પ્રમાણપત્રો જારી કરવામાં આવશે અને તેને IEPF ઓથોરિટી પાસે ટ્રાન્સફર કરવામાં આવશે. તમારાં મૂળ શેર પ્રમાણપત્ર આપમેળે રદ માનવામાં આવશે.

(બ) જો તમે શેરો ઇલેક્ટ્રોનિક (ડિમેટ) ફોર્મમાં ધરાવતા હોવ: IEPF ઓથોરિટી પાસે ટ્રાન્સફર માટે તમારા ડિમેટ એકાઉન્ટમાંથી અનુક્રમિત શેરો ડિબિટ કરવામાં આવશે.

જો કે, જો કંપનીને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ પહેલા માન્ય દાવો પ્રાપ્ત ન થાય, તો કંપની કોઈ આગળની નોટિસ વિના સંબંધિત શેરો અને/અથવા ડિવિડેન્ડ IEPF ઓથોરિટી ખાતે ટ્રાન્સફર કરશે.

શેરો અને/અથવા ડિવિડેન્ડ IEPF ઓથોરિટી પાસે ટ્રાન્સફર થયા બાદ, કંપની સામે કોઈપણ પ્રકારનો દાવો માન્ય નહીં રહેશે. જોકે, સંબંધિત શેરહોલ્ડર્સ ફોર્મ IEPF-5 ઓનલાઈન ભરવા તથા તેનો પ્રિન્ટ કઢી, કંપની/રજિસ્ટ્રાર પાસેથી નોંધાયેલા specimen સાઇન મુજબ સાઇન કરીને તથા જરૂરી દસ્તાવેજો સાથે કંપનીના નોડલ ઓફિસર પાસે મોકલી, IEPF ઓથોરિટી પાસેથી તેમનું હક મેળવવા પાત્ર રહેશે. અધિગમ ન થયેલ ડિવિડેન્ડનો દાવો કરવા માટે, શેરહોલ્ડર્સ નીચે જણાવેલ કંપની અથવા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટનો સંપર્ક કરી શકે છે:

રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ :
સ્કાયલાઇન ફાઇનાન્શિયલ સર્વિસેસ પ્રાઇવેટ લિમિટેડ
સેલેનિયમ બિલ્ડિંગ, ટાવર-બી, પ્લોટ નં. ૩૧ અને ૩૨, ફાઇનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનકરામગુડા, સેરિલિંગમ્પલ્લી, હૈદરાબાદ, રંગા રેડ્ડી, તેલંગાણા, ભારત - ૫૦૦ ૦૩૨. ફોન: ૧૮૦૦ ૩૦૯ ૪૦૦૧
ઈમેઈલ: einward.ris@kfintech.com

સોલેક્સ એનર્જી લિમિટેડ
સહી/-
આઝમીન ચીનીવાલા
કંપની સેક્રેટરી એન્ડ કમ્પ્લાયન્સ ઓફીસર

સ્થળ : સુરત.
તારીખ : ૧૭/૦૭/૨૦૨૬

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

HeroHousing Finance
સંપર્ક સરનામુ: એ-૬, ત્રીજા માળે, સેક્ટર-૪, નોઇડા-૨૦૧૩૦૧
રજિસ્ટર્ડ ઓફિસ : ૦૯, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭
ફો.નં. ૦૧૧ ૪૯૨૬૦૦૦૦,ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેલ - custmer.care@herohfl.com
Website : www.herohousingfinance.com/ CIN : U6519DL2016PLC30148

ડિમાન્ડ નોટીસ

સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ('ધી એકટ') ખંડ ૧૩ (૨) હેઠળ અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (રૂલ્સ)ના રૂલ ૩ને વંચાણે લીધા બાદ

આથી નીચે સહી કરનાર આથી નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમીટેડ(એચએચએફએલ) ના અધિકૃત અધિકારીને સિકયુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિકયુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને વંચાણે લીધા બાદ મળેલા અધિકારો મુજબ નીચે જણાવેલા દેવાદાર (રો), સહદેવાદાર(રો),જામીનદાર(રો)(તમામ ને અહીં દેવાદાર તરીકે ગણવામાં આવશે)/કાનૂની વારસદાર(રો) , કાનૂની પ્રતિનિધી(ઓ)ને તેમના છેલ્લા જાણીતા સરનામે ડીમાન્ડ નોટીસ રજિસ્ટર્ડ એ.ડી. થી મોકલવામાં આવી હતી અને નોટીસમાં નીચે જણાવેલ બાકી લેણી રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.જે નોટીસની નકલ કથિત દેવાદાર(રો) / કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) નીચે સહી કરનાર અધિકારીના કાર્યાલયમાંથી કામકાજના સમય દરમિયાન પણ મેળવી શકે છે.

ઉપરોકત સંદર્ભે વધારામાં જાહેર ડીમાન્ડ નોટીસ પ્રકાશિત કરી તેમને જણાવવામાં આવે છે કે દેવાદાર(રો) / કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ)ને એચએચએફએલને બાકી લેણી રકમ , માંગણા નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ચુકવી દેવી.જેની વિગતો નીચે મુજબ છે .કોલમ ડી માં જણાવેલ તારીખ સુધીમાં અથવા વસુલાત લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણ મુજબ એચએચએફએલમાં ગીરો મુકેલ સુરક્ષિત મિલકત(તો) દેવાદાર(રો)ની વિગતો આ મુજબ છે.

લોન ખાતા નંબર	દેવાદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) ના નામ	નીચે જણાવેલ તારીખે બાકી રકમ રૂ.માં	ડીમાન્ડ નોટીસની તારીખ એનપીએની તારીખ
HHFSURHOU23000041255, HHFSURIPL23000041258	પારસ ઠક્કર, બક્ષીરામ બી.ઠક્કર, ઠક્કર કિષ્ણાબેન	રૂ. ૨૬,૬૯,૬૦૩ /- ૧૦-૦૭-૨૦૨૬ ના રોજ બાકી	13-07-2026 / 05-07-2026

સલામત સંપત્તિ/સ્થાવર મિલકતો/ગીરો મુકેલી મિલકતોનું વર્ણન :તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રહેણાંક બી ટાઇપ પ્લોટ નં.૧૩૩, ક્ષેત્રફળ ૬૩૦.૧૩ ચો.ફૂટ અથવા ૭૦.૦૧ ચો.મી. અથવા ૫૮.૫૪ ચો.વાર ની સાથે સ્કાય લાઇન વિલાની રોડ અને સિઓપીની અવિભાજિત જમીનનો ૩૩.૦૧ ચો.મી. ભાગ તથા પહેલા માળનું બાંધકામ ક્ષેત્રફળ ૪૦૦૦૦ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૯૧.૫૫ ચો.મી.,બ્લોક નં.૬૧(૬૧/૧૩૩) ક્ષેત્રફળ હે.આરે.૨-૩૫-૫૦ ચો.મી. મોજે ગામ અટોદરા,તા.ઓલપાડ,જિ.સુરત,ગુજરાતની સાથે વેચાણ દસ્તાવેજ મુજબની તમામ સુવિદાઓ ચતુઃસીમા : પૂર્વે: બ્લોક નં.૬૦, પશ્ચિમે: ૫.૫૦ મી.નો રોડ,ઉત્તરે: પ્લોટ નં.૧૩૪ , દક્ષિણે: પ્લોટ નં.૧૩૨

ભવિષ્યના વ્યાજ,વદ્યારાના વ્યાજ ની ગણતરી કથિત ડીમાન્ડ નોટીસમાં જણાવ્યા મુજબ થશે એ ઉપરાંત આકસ્મીક ખર્ચ, કિંમત,ચાર્જિસ વગેરે ચુકવણીની તારીખ સુધીના ગણાશે.

જો કથિત જવાબદાર(રો) એચએચએફએલને ચુકવ્યું કરવામાં નિષ્ફળ જશે તો એચએચએફએલ ગીરો મુકેલ મિલકત(તો) અને સલામત ધિરાણ હેઠળની સંપત્તિ સામે આગળની કાર્યવાહી કથિત એકટના ખંડ ૧૩(૪) મુજબ હાથ ધરશે અને એની તમામ જવાબદારી જવાબદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ)ની રહેશે. કથિત જવાબદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) કથિત એકટ મુજબ ઉપર જણાવેલી સ્થાવર મિલકત(તો)નું વેચાણ,ભાડાપટ્ટાથી કે અન્ય કોઈપણ રીતે એચએચએફએલની લેખિત મંજુરી વિના હસ્તાંતરણ કરી શકશે નહીં.જો કોઈ વ્યકિત એકટની જોગવાઈનો ભંગ કરતા જણાશે તો કથિત એકટ હેઠળ કાયદેસરનો દંડ અને સજાને પાત્ર ગણાશે.

તા. ૧૮-૦૭-૨૦૨૬
સ્થળ : સુરત

સહી/- અધિકૃત અધિકારી
વતિ, હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

જાહેર નોટીસ શ્રી એસ. એમ. વાઘાણી, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ડોલવણની કોર્ટમાં

અરજદાર: નામ: ફાલ્ગુનીબેન ધનજીભાઈ આહિરની પુત્રી તે વિજયભાઈ આહિરની પત્ની રહે. ધામોદલા — કેસ નં. ૧૦૭/૨૦૨૬

વિરૂધ્ધ

સામાવાળા: નામ - ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બેડારાયપુરા, રહે. બેડારાયપુરા

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત નંબરના કેસમાં, ફાલ્ગુનીબેન ધનજીભાઈ આહિર નું જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૩ ના રોજ મોજેઃ બેડારાયપુરા, તા. ડોલવણ, જિ. તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે. પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ત.ક.મંત્રીશ્રી ગ્રામ પંચાયત, બેડારાયપુરાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક.મંત્રીશ્રી ગ્રામ પંચાયત, બેડારાયપુરાને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં અથવા ત.ક.મંત્રીશ્રી ગ્રામ પંચાયત, બેડારાયપુરા કચેરી, બેડરાયપુરા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી, (એસ. એમ. વાઘાણી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ડોલવણ, જિ. તાપી

જાહેર નોટીસ શ્રી એસ. એમ. વાઘાણી, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ડોલવણની કોર્ટમાં

અરજદાર: નામ: ધર્મિષ્ઠાબેન ધનજીભાઈ આહિરની પુત્રી તે પરેશકુમાર આહીરની પત્ની રહે. ૧૦૯/બી આહિરવાસ, ડુંગરા — કેસ નં. ૧૦૮/૨૦૨૬

વિરૂધ્ધ

સામાવાળા: નામ - ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બેડારાયપુરા, રહે. બેડારાયપુરા

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત નંબરના કેસમાં, ધર્મિષ્ઠાબેન ધનજીભાઈ આહિરનું જન્મ તા. ૦૮/૦૬/૧૯૮૨ ના રોજ મોજેઃ બેડારાયપુરા, તા. ડોલવણ, જિ. તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે. પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ત.ક.મંત્રીશ્રી ગ્રામ પંચાયત, બેડારાયપુરાના ર